# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૨૨/૦૨/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૩૫,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૮૨/૨૦૨૫**

**વેજલપુરઃ** મહંમદ ફૈઝાન હાજી ઈલિયાસ દલાલ (ઉ.વ.૩૭) (રહે. યુનિટ હિલ સોસાયટી યુનિયન પાર્કની બાજુમા વિશાલા સર્કલ પાસે જુહાપુરા) એ તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહંમદફૈઝાન દલાલના મિત્ર મયુરભાઈ વિનોદભાઈ શાહ (રહે. સેતુકૃપા ફ્લેટ રાજસ્થાન હોસ્પીટલ પાસે ડફનાળા શાહીબાગ) એ મહંમદફૈઝાન દલાલને વિશ્વાસમાં લઈ તા.૧૮/૦૮/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન લોનના હપ્તા ભરવાની બાહેધરી આપી મહંમદફૈઝાન દલાલ નાઓના નામે અલગ-અલગ બેંકમાથી લોન લેવડાવી લોન કરાવી લોનના નાણાં મેળવી લઈ રૂપિયા ૧૮,૧૮,૧૦૬/- હપ્તા નહી ભરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અમિતકુમાર નરસિંહભાઈ ચલાવે છે.

**વટવાઃ** આલાપ સ/ઓ પ્રદ્યુમનભાઈ શુકલ (ઉ.વ.૪૫) (રહે. સુકન સ્માઈલ સીટી જીએસટી બ્રિજ પાસે ન્યુ રાણીપ) એ તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી પરિમલભાઈ નવિનચંન્દ્ર શાહ (રહે. પુષ્પક એપાર્ટમેન્ટ કેનાલ રોડ નારોલ) વટવા કર્ણાવતી કોમ્પ્લેક્ષ દુકાન નંબર-૨૩ ખાતે દુકાન ધરાવી લોખંડના સળીયાનો વેપાર ધંધો કરતા હોય આલાપ શુકલ એ તેઓની પાસેથી અગ્રવાલ કંપનીના ૨૫ ટન ટી.એમ.ટી.સળીયાનો માલ ખરીદવા તા.૨૦/૧૦/૨૦૨૧ ના રોજ રૂપિયા ૧૨,૦૭,૦૦૦/- ભરેલ હતા. પરંતું પરિમલભાઈ શાહ એ આજદીન સુધી સળીયાનો માલ નહી આપી કે આપેલ રૂપિયા ૧૨,૦૭,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.પરમાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૮૩/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** નરેન્દ્રકુમાર રાજેન્દ્રપ્રસદ શર્મા (રહે. રાધે ટેર્નામેન્ટ પંચતીરથ સ્કુલ સામે નવા નરોડા) એ તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૫ થી તા.૨૦/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરામાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯,૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુટવી લઇ ગયાઃ–** **સમાચાર યાદી નં.૨૮૪/૨૦૨૫**

**અમરાઇવાડીઃ** કલ્પનાબહેન મુકેશભાઈ જૈન (ઉ.વ.૫૫) (રહે. રાધે બંગ્લોઝ વિભાગ–૧ ખોખરા સર્કલ) તા.૦૨/૦૨/૨૦૨૫ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે અમરાઇવાડી મહાવિરનગરના નાકેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કલ્પનાબહેન જૈનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૯૦,૦૦૦/– ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કલ્પનાબહેન જૈન એ તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.મિયાત્રા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૨૮૫/૨૦૨૫**

**નિકોલઃ** પ્રિયંકાબહેન મનોજભાઈ ગુપ્તા (ઉ.વ.૪૫) (રહે. પંતજલિ સોસાયટી ગાયત્રી સ્કુલ સામે ખોડીયારનગર નિકોલ) તા.૧૦/૦૨/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે પહેરેલ કપડાને આગ અડી જતા આગ લાગતા દાઝી જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૨/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.કટારા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૨૮૬/૨૦૨૫**

**માધવપુરાઃ** જતીન ઇશ્વરભાઇ વાઘેલા (ઉ.વ.૨૮) (રહે. ખોજાપુરાની ચાલી અસારવા બ્રીજ પાસે ઇદગાહ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૨/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે છત ઉપર લગાવેલ લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મુકેશભાઇ માવાભાઇ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** અર્પિતકુમાર સુરેશભાઈ પટેલ (ઉ.વ.૨૮) (રહે. અમરાઈવાડી ભગવતી રોડ અમિ અખંડઆનંદ સોસાયટી વિભાગ–૨) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૨/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**ઓઢવઃ (૧)** અજય પાંડુરંગ પાટીલ (ઉ.વ.૩૧) (રહે. પુષ્કર હિલ્સ–૧ ગુરુદ્વારા પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૫ રાતના ૮/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રવિણભાઇ પીરાભાઇ ચલાવે છે.

**ઓઢવઃ (૨)** માનસિંગ દેવાંનસિંગ ઠાકોર (ઉ.વ.૨૧) (રહે. સંતોષીનગરની ચાલી મુકેશનગર પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રવિણભાઇ પીરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી